ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૯-૦૫-૨૦૨૩

કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા, પૂર્વ શિક્ષણ મંત્રી, મુરબ્બીશ્રી હસમુખભાઈ પટેલના નિધન અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અને વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં નેતાશ્રી અમિત ચાવડાએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સ્વ. હસમુખભાઈ પટેલ એક વિચારક શિક્ષણવિદ, વ્યવસાયે પ્રાધ્યાપક તરીકે લાંબી કારકિર્દી હતી. શિક્ષણ શ્રેત્રે તેમના અથાગ પ્રયત્ન અને નિષ્ઠાપૂર્વક કામગીરી માટે ગુજરાતનાં તમામ નાગરિકો ઋણી રહશે. પરમ કૃપાળું પરમાત્મા દિવંગત આત્માને શાંતિ અર્પે એ અભ્યર્થના સાથે કોંગ્રેસ પક્ષ તેમના પરિવારને પરમાત્મા શક્તિ અર્પે એજ પ્રાર્થના.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુન મોઢવાડીયા, શ્રી સિદ્ધાર્થ પટેલ, રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી શક્તિસિંહ ગોહિલ, એ.આઈ.સી.સી.ના પૂર્વ મહામંત્રી શ્રી દીપકભાઈ બાબરીયા, વરિષ્ઠ નેતા શ્રી બાલુભાઈ પટેલ, શ્રી વિજય દવે, ડૉ. મનિષ દોશી એ પણ સ્વ. હસમુખભાઈ પટેલના નિધન અંગે શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આપણા હસમુખભાઈ પટેલ રાજ્ય ના શિક્ષણ મંત્રી, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ઈનચાર્જ, કોંગ્રેસ પક્ષ ના વરિષ્ઠ સમયાંતરે ચૂંટણી સમિતિ, એઆઈસીસી સભ્ય, મુખ્ય પ્રવક્તા, પક્ષના પાક્ષીક કૃત સંકલ્પના પ્રથમ એડિટર, કોંગ્રેસ પક્ષની અનેક વિધ પ્રવૃત્તીઓ સાથે સંકળાયેલ જાણીતા વિચારક અને શિક્ષણવિદ, આજે આપણને છોડી ગયા, **તેમના વિચાર મુજબ પરિવારે દેહદાન કરતાં એક વિચારક માર્ગે તેઓ ચાલી નિકળ્યા... સહૃદય શ્રધ્ધાંજલી.**

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા